# કાબોલાના એકવાલેન્ડ વોટર પાર્ક સીલ : લૉકડાઉનમાં બંધ વોટર પાર્ક શરૂ થાય તે પહેલાં સરકારી અડચણ


## દેવામાં ડૂબેલા સંચાલકોને પડતા ઉપર પાટુ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯ મોડાસા તાલુકાના કાબોલા હાઈવે સ્ટેન્ડ ઉપર કરોડોના ખર્ચે તૈયાર થયેલ એકવાલેન્ડ વોટર



પાર્કને સીલ કરવામાં આવતાં હલચલ મચી છે. લૉકડાઉન દરમ્યાન વોટર પાર્ક બંધ થતાં સંચાલકો દેવાના બોજા હેઠળ આવી ગયા છે. આગામી ઉનાળાની સીઝન પૂર્વે વોટર પાર્કને ફરીથી શરૂ કરવાની તજવીજ શરૂ થઈ હતી ત્યાં પ્રાંત કચેરી દ્વારા લાયસન્સ વિના પાર્ક શરૂ કરવા મુદ્દે સીલ મારી કાર્યવાહી શરૂ કરવામાં આવતાં સંચાલકોને પડતા ઉપર પાટુ પડ્યું છે. સરકારી તંત્ર દ્વારા બુકીંગ પ્રિમાઈસીસની મંજૂરી વિના વોટર પાર્ક શરૂ કરવામાં આવ્યો હોવાનું કહેવાઈ રહ્યું છે પરંતુ કોરોના કાળમાં બંધ વોટર પાર્ક સરકારી ગાઈડલાઈન મુજબ શરૂ થાય તેવી સ્પષ્ટ ગાઈડલાઈનોથી સંચાલકો અજાણ રહેતાં સ્થિતિ કફોડી બની છે.

કોરોનાના કપરા કાળમાં ધંધા-રોજગારો તહસ નહસ થઈ જતાં વ્યવસાયકારોને કરોડોનો ફટકો પડ્યો છે. જિલ્લામાં કોરોનાની મહામારી દરમ્યાન વોટર પાર્ક બંધ કરવાના આદેશ અપાયા હતા જેથી કરોડો રૂપિયાનું રોકાણ કરનારા સંચાલકોની હાલત કફોડી બની રહી છે. સરકારે અનલૉક પછી ચોક્કસ ગાઈડલાઈન સાથે વોટર પાર્ક શરૂ કરવાની સૂચના જારી કરતાં દેવાના બોજા તળે દબાયેલા વોટર પાર્કના સંચાલકોએ આગામી ઉનાળામાં ખોટ સરભર થશે તેવું માન્યું હતું પરંતુ મોડાસા તાલુકાના કાબોલા સ્થિત એકવાલેન્ડ વોટર પાર્કના સંચાલકોને પાર્ક શરૂ કરવામાં સરકારી અડચણનો સામનો કરવાનો વારો આવ્યો છે. સરકારે વોટર પાર્ક ખોલવાની છૂટ આપતાં લૉકડાઉનમાં બંધ વોટર પાર્કમાં સાફસફાઈ સહિતની કામગીરી શરૂ કરવામાં આવી હતી. બીજી તરફ સરકારી ગાઈડલાઈન મુજબ પાર્ક ખોલવા માટે જરૂરી દસ્તાવેજો સંચાલકો દ્વારા એકત્ર કરી પાર્ક




ખોલવા માટે હજુ તો શરૂઆત કરાય તે અગઉ જ લાયસન્સ વિના પાર્ક શરૂ કરાયો હોવાનું ધ્યાનમાં આવતાં પ્રાંત કચેરી દ્વારા એકવાલેન્ડ વોટર પાર્કને સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. ઉનાળો શરૂ થતાં સંચાલકોએ પાર્કને ધમધમતો કરવાની માંડ તૈયારી શરૂ કરી હતી ત્યાં બુકીંગ પ્રિમાઈસીસ લાયસન્સ વિના વોટર પાર્ક ચાલુ કરાયો હોવાનું ધ્યાનમાં આવતાં તાબડતોબ સરકારી તંત્રએ વોટર પાર્કને સીલ કરી દીધો છે.

# બાયડમાં હોળી નજીક આવતાં જંગલોમાં અંધશ્રદ્ધાની આગના લબકારા

## દર વર્ષે ડુંગરે દવ લગાડવાની ઘટનાઓ છતાં વન વિભાગ કુંભકર્ણની નિંદ્રામાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં હોળીનો તહેવાર નજીક આવતાં જંગલોમાં આગ લાગવાની રહસ્યમય ઘટનાઓ શરૂ થઈ છે. ગ્રામ્ય વિસ્તારોમાં ગંભીર બિમારીમાંથી મુક્તિ મેળવવા માટે ડુંગરે દવ લગાડવાની અંધશ્રદ્ધા અકબંધ રહી છે જેના કારણે માર્ચ મહિના સમયગાળામાં ડુંગરોમાં એક પછી એક આગ લાગવાના બનાવો શરૂ થઈ જતા હોય છે. જિલ્લામાં આ વર્ષે પણ આગના લબકારા ડુંગરોમાં દેખાવવાની શરૂઆત થઈ છે છતાં વન વિભાગ કુંભકર્ણની નિંદ્રામાં સરી પડ્યું છે. કુદરતી રીતે દવ લાગવાને બદલે જાણી જોઈને ડુંગરોને આગના હવાલે કરવામાં આવતા હોવાથી કિંમતી વનરાજી આગમાં હોમાઈ જતી હોય છે.

જિલ્લામાં શિક્ષણનું સ્તર ઉંચકાયું હોવા છતાં ગ્રામ્ય વિસ્તારોની પ્રજા આજે પણ અંધશ્રદ્ધામાં ગળાડૂબ જોવા મળી રહી છે. ખાસ કરીને આદિવાસી વિસ્તારોમાં હોળીના તહેવાર સમયે ડુંગરોને આગથી નવડાવવાની કુપ્રથા પ્રચલિત રહી છે. જેમાં ગંભીર બિમારી લાગુ પડી હોય અને સારવાર કરાવવા છતાં કોઈ જ ફેર પડતો ન હોય તે સમયે ભૂવા અને તાંત્રિકોના કહેવા મુજબ ડુંગરોમાં દવ લગાડવાની બાધા આખડી રાખવામાં આવતી હોય છે જેમાં બિમાર વ્યક્તિ સ્વસ્થ થઈ જાય એટલે હોળીના સમયે ડુંગરોમાં આગ લગાડવામાં આવતી હોય



છે. વર્ષોથી આ માન્યતા ઘર કરી ગઈ છે અને તેના કારણે જ હોળીનો તહેવાર નજીક હોય એટલે જંગલોમાં એક પછી એક આગ લાગવાના બનાવો શરૂ થતા હોય છે. જંગલ વિસ્તારમાં કુદરતી રીતે દવ લાગે તેના કરતાં જાણી જોઈને આગ લગાડવાની ઘટનાઓ વધુ હોવા છતાં વન વિભાગ ઉંડાણપૂર્વક તપાસ કરવાને બદલે માત્ર ખાનાપૂરતી કરી સંતોષ માનતું હોય છે. જિલ્લામાં હવે હોળી-ધુળેટીનો તહેવાર નજીકમાં છે ત્યારે જંગલ વિસ્તારમાં આગના લબકારા શરૂ થઈ ગયા છે. એક રીતે જંગલોમાં અંધશ્રદ્ધાની આગ શરૂ થઈ છે તે કહેવું ઉચિત ગણી શકાય. અગાઉના વર્ષોમાં પણ ડુંગરોમાં આગ લાગવાથી કિંમતી વૃક્ષો અને અન્ય વનરાજી આગમાં ભસ્મિભૂત થઈ ગયાના બનાવ છતાં વન વિભાગ દ્વારા લોકોમાં ડુંગરે દવ લગાડવાની અંધશ્રદ્ધામાં ઓટ આવે તેવા લોકજાગૃતિના કોઈ પ્રયાસ આજદિન સુધી થયા નથી. જંગલ વિસ્તારમાં આગ લાગે એટલે વન વિભાગના અધિકારીઓ ટીમ સાથે દોડતા થતા હોય છે પરંતુ આગ ઉપર કાબુ મેળવવાનો પ્રયાસ થાય ત્યાં સુધીમાં જંગલનો ઘણો ખરો હિસ્સો આગની લપેટમાં આવી જતો હોય છે.

### તાજેતરની ચૂંટણીમાં વિજયી બનેલા ભાજપના નગરપાલિકાના કોર્પોરેટર

# ગોપાલ પ્રજાપતિની ચેક રિટર્ન કેસમાં ધરપકડ બાદ કોર્ટે જામીન આપ્યા

**શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાઇનાન્સ કંપની દ્વારા ૨૦૧૮ માં ફરિયાદ કરવામાં આવી હતી : ૨૨-૧૧-૨૦૧૯ પકડ વોરંટમાં નાસતા ફરતા કોર્પોરેટરને પોલીસે ધરપકડ કર્યા બાદ હિંમતનગર ચીફ જ્યુડિશિયલ કોર્ટમાં રજૂ કરાયો હતો**

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૦૯ હિંમતનગર નગરપાલિકાના વોર્ડ નંબર - ૭ ના ભાજપના તાજેતરની ચૂંટણીમાં વિજય થયેલા ઉમેદવાર ગોપાલ પ્રજાપતિની હિંમતનગર એ ડીવીઝન પોલીસે ચેક રિટર્ન કેસમાં ધરપકડ કર્યા બાદ કોર્ટ દ્વારા જામીન મુક્ત કરવામાં આવ્યા હતા શાસક પક્ષના નગર પાલિકાના કોર્પોરેટરની ચેક રિટર્ન કેસમાં ધરપકડ થયા બાદ જામીન પર છુટકારો મળતાં લોકોમાં અનેક પ્રકારના તર્ક-વિતર્ક સર્જાવા સાથે આ મુદ્દો શહેરમાં ટોક ઓફ ધી ટાઉન બનવા પામ્યો છે



સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર ગત રોજ સોમવારે હિંમતનગર નગરપાલિકાના વોર્ડ નં - ૭ ના તાજેતરની ચૂંટણીમાં વિજય થયેલા ભાજપના કોર્પોરેટર ગોપાલ પ્રજાપતિની હિંમતનગર એ ડીવીઝન પોલીસે ધરપકડ કરી હતી શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સ કંપની દ્વારા ૨૦૧૮ માં ચેક રીટન કેસ અંતર્ગત કોર્પોરેટર ગોપાલ પ્રજાપતિ વિરુદ્ધ ફરિયાદ કરવામાં આવી હતી ત્યારે ગોપાલ પ્રજાપતિ ના નામનું વોરંટ નીકળતાં પોલીસે તેની ધરપકડ કરી હતી હિંમતનગર એ ડીવીઝન પોલીસે વર્ષ ૨૨-૧૧-૨૦૧૯ પકડ વોરંટમાં નાસતા ફરતા કોર્પોરેટરને પોલીસે ધરપકડ કર્યા બાદ હિંમતનગર ચીફ જ્યુડિશિયલ કોર્ટમાં રજૂ કરાયો હતો જેમાં કોર્ટ દ્વારા જામીન આપવામાં આવ્યા હતા તાજેતરની ચૂંટણીમાં વિજય બનેલા ભાજપના નગરપાલિકાના ઉમેદવારની પોલીસે ધરપકડ કરાઈ હોવાનો આ સમગ્ર મામલો વાયુવેગે લોકોમાં પ્રસરી જતા રાજકીય પક્ષો સહિત સમગ્ર શહેરભરમાં આ મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બનવા પામ્યો હતો.

# પ્રાંતિજમાં રાત્રીના સમયે ચાર દુકાનના તાળા ટુટયા

**એપ્રોચરોડ ઉપર આવેલ સંઘ કોમ્પલેક્ષમા ચાર દુકાનના તાળા તુટયા : પ્રાંતિજ પોલીસના રાત્રીના પેટ્રોલિંગ ઉપર ઉઠયા સવાલો : તસ્કરો દુકાનમા લાગેલ સીસીટીવી કેમેરામા કેદ**



પ્રાંતિજ તા.૯ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના હાર્ટ સમાન એપ્રોચરોડ ઉપર આવેલ સંઘ કોમ્પલેક્ષમા રાત્રીના સમયે તસ્કરોએ ચાર દુકાનોના તાળા તોડી પ્રાંતિજ પોલીસને ચેલેન્જ આપી. પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ સંઘ કોમ્પલેક્ષમા રાત્રીના સમયે તસ્કરોએ ચાર દુકાનના તાળા તોડયા હતા અને દુકાનોમા ગુસીને દુકાનમા રહેલ સરસામાન અસ્તવ્યસ્ત કર્યો હતો તો રોકડીયા ચોર હોવાથી રોડડ રકમ કોઈપણ દુકાનોમાંથી હાથના લાગતા તસ્કરો વીલા મોઢે પરત ફર્યા હતા તો દુકાનમા લાગેલ સીસીટીવી કેમેરામા તસ્કરો કેદ થયા હતા તો પ્રાંતિજ પોલીસના રાત્રીના પેટ્રોલિંગ ઉપર પણ હાલતો સવાલો ઉઠયા છે અને પ્રાંતિજ પોલીસ દ્વારા રાત્રી દરમ્યાન પોલીસ પેટ્રોલિંગ ચુસ્ત કરવામા આવે તેવી દુકાન માલિકો તથા આ વિસ્તાર મા આવેલ સોસાયટીઓના રહીશો માંગ કરી રહ્યા છે.

# ભિલોડાના ભવનાથ મંદિરે શિવરાત્રીનો મેળો નહીં ભરાય



ભિલોડા, તા. ૯ જુનાગઢના ગીરનાર તળેટીમાં આવેલ ભવનાથ મંદિરમાં શિવરાત્રીનો મેળો મોકૂફ રખાયા બાદ અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં આવેલા ભવનાથ મંદિરમાં દર વર્ષ શિવરાત્રીમાં પરંપરાગત ભાતીગળ મેળો યોજાય છે જેમાં અરવલ્લી-સાબરકાંઠા સહીત મોટી સંખ્યામાં શિવભક્તો ઉમટતા હોય છે કોરોના સંક્રમણ ફરીથી રોકેટ ગતિએ વધતા શ્રદ્ધાળુઓ કોરોના સંક્રમણનો ભોગ ન બને તે માટે ઈતિહાસમાં પ્રથમ વાર શિવરાત્રી મેળાનું આયોજન રદ કરતા ભક્તોએ મંદિરના ટ્રસ્ટીઓના નિર્ણયને આવકાર્યો હતો જો કે શિવરાત્રીએ મંદીર ખુલ્લું રહશે અને સરકારની ગાઈડલાઈન અનુસાર ભક્તો મહાદેવના દર્શન લાભ લઈ શકે તે માટે યોગ્ય વ્યવસ્થા માટે તાડામાર તૈયારીઓ આદરી દીધી છે.

કોરોના મહામારીના પગલે શિવરાત્રીએ પરંપરાગત મેળાને મૌકૂફ રાખવાનો ઐતિહાસીક નિર્ણય જુના ભવનાથ મંદિર ટ્રસ્ટીઓ દ્વારા લેવામાં આવ્યો છે

# વિકલાંગ શિશુ વિદ્યામંદિરને રૂ.૫૧,૦૦૦નું દાન અર્પણ...




ગાંભોઈ, તા. ૯ મમતા વિકલાંગ શિશુ વિદ્યામંદિર હિંમતનગર ખાતે શનિવારના રોજ યોજાયેલ એક પ્રસંગમાં મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત બી.ઝેડ.ઈન્ટરનેશનલ બ્રોકિંગ કંપનીના એમ.ડી. ભુપેન્દ્રસિંહજી પી. ઝાલાએ સમાજમાં સ્વમાનભેર જીવવા માટે વિકલાંગ બાળકોને શિક્ષણ આપી માનવતાનું કાર્ય કરતી સંસ્થાના બાળકોના સર્વાંગી વિકાસ માટે રૂ.૫૧૦૦૦નું દાન આપી સંસ્થાના કાર્યને બિરદાવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના શિક્ષણગણ તેમજ સંચાલક હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# બામણા કોલેજમાં વ્યસન મુક્તિ કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૯ શ્રી બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ, મુંબઈ સંચાલિત સ્વ.એસ.એચ. જોષી અને બી.કે.જોષી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, બામણામાં એન.એસ.એસ. યુનિટ અંતર્ગત અને પ્રિન્સિપાલ ડૉ. કલ્પનાબેન પટેલના માર્ગદર્શન હેઠળ વ્યસન મુક્તિ કાર્યક્રમ યોજાયો હતો.




જયેશભાઈ પાંડયા,શાળા આરોગ્ય સુપરવાઈઝરએ ટોબેકો નિયંત્રણ હેઠળ જાતિય બાબતો વિશે વિદ્યાર્થીઓનો માહિતગાર કર્યા હતા.નેહાબેન સિસોદીયા,સાઈકોલોજીસ્ટએ ટોબેકોથી થતા નુકશાન અને તેનાથી કેવી રીતે બચી શકાય તે વિશે વિશેષ જાણકારી આપી હતી.સ્ટાફ પરીવાર, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ.બી.કે.પટેલ, આયોજન, આભાર વિધિ એન.એસ.એસ. પ્રો.ઓ. ડૉ. નિવૃત્તિ આર.જોષીએ કર્યું હતું.

# બામણા કોલેજમાં વિશ્વ મહિલા દિનની ઉજવણી યોજાઈ

ભિલોડા,તા.૯ શ્રી બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ, મુંબઈ સંચાલિત સ્વ.એસ. એચ.જોષી અને બી.કે.જોષી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ,બામણામાં એન.એસ.એસ. અંતર્ગત વિશ્વ મહિલા દિનની ઉજવણી ઉત્સાહભેર યોજાઈ હતી. પ્રિન્સિપાલ ડૉ.કે. આર. પટેલએ આધુનિક સમયમાં મહિલાઓના સ્થાન વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.કાર્યક્રમનું સફળ સંચાલન બી.કે.પટેલ, કાર્યક્રમનું આયોજન,આભાર વિધિ એન.એસ.એસ. પ્રો.ઓ. ડૉ.નિવૃત્તિ આર.જોષીએ કર્યું હતું.

# ધનસુરામાં ઘઉંની ટેકા ના ભાવે ખરીદી માટે રજિસ્ટ્રેશન શરુ થયા



ધનસુરા, તા. ૯ ધનસુરા ની ગ્રામ પંચાયતોમાં ઘઉંની ટેકાના ભાવે ખરીદી માટે રજિસ્ટ્રેશન શરુ થયા છે ગ્રામ પંચાયતોમાં ઈ-ગ્રામ સેન્ટરમાં રજિસ્ટ્રેશન કરાવી શકાશે સરકારે પ્રતિ ક્વિન્ટલ ૧૯૭૫ રૂપિયા નક્કી કર્યા છે રજિસ્ટ્રેશનની છેલ્લી તારીખ ૩૧-૩-૨૦૨૧ છે તાલુકામાં આ વખતે મોટા પ્રમાણ માં ઘઉં નું વાવેતર થયું છે એવામાં ટેકાના ભાવેથી ખેડૂતો ને લાભ થશે રજિસ્ટ્રેશન શરુ થતા ખેડૂતો રજિસ્ટ્રેશન માટે આવી રહ્યા છે

રજિસ્ટ્રેશન માટે ખેડૂતો એ લાવવાના જરુરી ડોક્યુમેન્ટ :
આધારકાર્ડ, પાસબુકની નકલ
૭/૧૨, ૮/અ
વાવેતરનો દાખલો જોઈએ...

# રોટરી કલબ ડીસા ડીવાઈન દ્વારા મહિલા સંમેલન યોજાયું



ડીસા, તા. ૯ ૮ મી માર્ચ, વિશ્વભરમાં 'આંતર રાષ્ટ્રીય મહિલા દીવસ' તરીકે મનાવવામાં આવે છે,જે દરમ્યાન મહિલા સન્માન,સમાનતા અને નારી સશક્તીકરણને લગતા આયોજન કરવામાં આવે છે,જે અન્વયે રોટરી ક્લબ ડીસા ડીવાઈન દ્વારા શુભમ પાર્ટીપ્લોટ ખાતે મહિલા સંમેલનનું આયોજન કરેલ જેમાં વક્તા તરીકે ડૉ.અવનીબેન આલ દ્વારા ધર્મ અને સ્ત્રી હક અને ડૉ.તેજલબેન પટેલ દ્વારા સ્ત્રી આરોગ્ય વિષયક માહિતીપ્રદ વક્તવ્ય આપવામાં આપ્યું હતું. તે બાદ આનંદની પળો રુપે રમત રમવામાં આવી કાર્યક્રમ માં લગભગ ડીસા શહેરની ૧૦૦ થી વધારે બહેનો ઉપસ્થિત રહેલી.કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ ડૉ.રીટાબેન પટેલે ભારે જહેમત ઉઠાવી, તેમની સાથે આયોજનમાં મંત્રી ડૉ.અવનીબેન ,પ્રોજેક્ટ ચેરમેન ધર્મિષ્ઠાબેન, અલ્પાબેન તથા રોટેરીયન સૌ સભ્યો દ્વારા સુંદર આયોજન કરેલ. કાર્યક્રમનું સફળ સંચાલન જો.સેક્રેટરી હીનલબેન અગ્રવાલ દ્વારા કરવામાં આવ્યુ હતુ.

# રાજેન્દ્રનગરના સોમનાથ મહાદેવને દર સોમવારે થતા શણગાર આકર્ષણરૂપ બન્યા

## શિવરાત્રિએ મહાઆરતીનું આયોજન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯ હિંમતનગર તાલુકાના રાજેન્દ્રનગર સ્થિત પ્રાચીન સોમનાથ મહાદેવ મંદિરે દર સોમવારે વિશાળકાય શિવલીંગને થતા શણગાર આકર્ષણરૂપ બન્યા છે. શિવરાત્રિનું મહાપર્વ નજીક આવતાં યુવક મંડળ દ્વારા આ પ્રસંગે મહાઆરતીનું ભવ્ય આયોજન કરાયું છે. ચારેકોર વનરાજી અને ડુંગરો વચ્ચે સંપૂર્ણ કુદરતી વાતાવરણ સ્વંભૂ મહાદેવ પ્રત્યે શ્રદ્ધાળુઓને અતૂટ આસ્થા હોવાથી દૂર દૂરથી સોમવારે શ્રદ્ધાળુઓ દર્શન માટે ઉમટી રહ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ભગવાન ભોળાનાથના પ્રાચીન શિવમંદિરો આસ્થાનું પ્રતિક બની રહ્યા છે. વર્ષ દરમ્યાન આવતા તહેવારોની સાથે ખાસ કરીને શિવરાત્રિના પર્વની ભવ્યતમ્ ઉજવણી થતી હોય છે. હિંમતનગર



તાલુકાના રાજેન્દ્રનગર ગામે સોમનાથ મહાદેવનું પ્રાચીન મંદિર આવેલું છે જેમાં સૌરાષ્ટ્રના સોમનાથની અચૂક યાદ આવી જાય તેવા કદનું શિવલીંગ જિલ્લા ઉપરાંત મહારાષ્ટ્ર સહિતના શિવભક્તોમાં આસ્થાનું કેન્દ્ર વર્ષોથી આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે. રાજેન્દ્રનગર ગામના યુવકોને પણ શિવમંદિર પ્રત્યે સંપૂર્ણ આસ્થા હોવાથી દર સોમવારે શિવલીંગને અલગ અલગ શણગારથી સજ્જ કરવામાં આવ્યા છે. છેલ્લા કેટલાક સમયથી નિયમિત શણગારની પ્રણાલિકા જળવાયેલી રહેતાં સોમનાથ મહાદેવના દૈદિપ્યમાન દર્શન કરવા માટે દૂર દૂરથી શ્રદ્ધાળુઓ ઉમટી રહ્યા છે તેમાંય શિવરાત્રિનું પાવન પર્વ નજીક હોવાથી યુવક મંડળ દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી છે અને શિવરાત્રિની રાત્રે મહાઆરતીનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

# ઉત્તર ગુજરાતમાં તરબૂચનું મબલખ ઉત્પાદન : ખેતીવાડી વિભાગની વડી કચેરી પાસે વાવેતરની વિગત નથી

**ખેતીવાડી વિભાગમાં રામ ભરોસે કામગીરી : ખેતરો તરબૂચથી ઉભરાય છે છતાં તંત્ર અજાણ**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯ ઉત્તર ગુજરાતમાં ઉનાળો આગ ફુંકવા લાગ્યો છે. પાંચેય જિલ્લાઓમાં તરબૂચનું ખેડૂતોએ મોટાપાયે વાવેતર કરતાં ઉત્પાદનથી ખેતરો ઉભરાઈ ગયાં છે ત્યારે ખેતીવાડી વિભાગ પાસે તરબૂચના વાવેતરના આંકડા ઉપલબ્ધ ન હોવાની વિગત જાણવા મળી છે. સરકાર બાગાયતી ખેતીને પ્રોત્સાહન આપવાના પ્રયાસમાં છે પરંતુ ખાટલે મોટી ખોડ હોય તેમ ખુદ ખેતીવાડી વિભાગ પાસે જ વાવેતર થયું હોવા છતાં એકપણ જિલ્લાના વાવેતરની આંકડાકીય માહિતી ન હોવાથી ખેતીવાડી વિભાગનો વહીવટ ભગવાન ભરોસે હોવાનું જણાઈ રહ્યું છે.



ખેતી ક્ષેત્રે આમૂલ પરીવર્તન આવ્યું છે. વર્ષોથી પાણીની સમસ્યા સતાવતી હોવાથી ઉત્તર ગુજરાતના ખેડૂતો ડ્રીપ ઈરીગેશન તેમજ ફુંવારા પદ્ધતિથી દરેક સીઝનની ખેતીમાં નસીબ અજમાવતા હોય છે તેમાંય પાછલા કેટલાક વર્ષોથી ખેડૂતો બાગાયત ખેતી તરફ ઢળ્યા છે. રોકડાં નાણાં તેમજ ઉત્પાદન વધુ થતું હોવાથી સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લાના અસંખ્ય પ્રગતિશીલ ખેડૂતોએ આ વર્ષે પણ મોટાપાયે ખેતરોમાં ઉચ્ચ ગુણવત્તાનું બિયારણ લાવી તરબૂચની ખેતી કરતાં ઉત્તર ગુજરાતમાંથી ટ્રકે ટ્રક તરબૂચ અન્ય જિલ્લામાં મોકલવામાં આવી રહ્યાં છે. ખેતરોમાં નજર કરનાર વટેમાર્ગુઓ તરબૂચના ઢગલે ઢગલા જોઈ આશ્ચર્ય અનુભવતા જોવા મળે છે પરંતુ ઉત્તર ગુજરાતમાં જ્યાંથી બાગાયતી ખેતીની કામગીરી થઈ રહી છે તે વિભાગ પાસે તરબૂચના વાવેતરની કોઈ જ વિગત નથી.